## (1) ત્રણ વટહુકમો શું છે?

1. **ખેત ઉત્પન્ન બજાર સમિતિઓને નજરઅંદાજ કરતો વટહુકમ**
   ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ(APMC)ની દેખરેખ અને તેનું કાર્યક્ષેત્ર હવે માત્ર તેમના માર્કેટ યાર્ડ પૂરતું મર્યાદિત બને છે. બાકીની જગ્યા 'વ્યાપાર વિસ્તાર' કહેવાશે.
2. **ખેત ધંધાકીય વટહુકમને લીધે ખાદ્ય ચીજોનો સંગ્રહ કરવાની સ્વતંત્રતા**
   તેનો ઈરાદો ભાવોમાં આવતા ઉછાળાને પરિણામે જથ્થો સંગ્રહ કરવાની મર્યાદાઓ લાદતાં અણધાર્યા અને સ્વચ્છંદી રીતે જે જાહેરનામાં બહાર પાડવામાં આવતાં હતાં તે દૂર કરવાનો છે.
3. **કરારી ખેતીનો વટહુકમ**
   ખેડૂતો અને કંપનીઓ સહિતના અન્ય લોકો વચ્ચે જે લેખિત કરારો થાય તેનું માળખું પૂરૂં પાડવાનો તેનો હેતુ છે.

આ ત્રણેય વટહુકમોને એકસાથે જોવાની જરૂર છે. એક દલીલ આ ત્રણેય માટે એમ કરવામાં આવે છે કે સરકારના અંકુશો જશે તો બજારની કાર્યક્ષમતા વધશે અને તેને લીધે ખેડૂતોને વધુ ભાવ મળશે.

ત્રણ વટહુકમો: (1) કિસન ઉત્પાદન વ્યાપાર અને વાણિજ્ય(પ્રોત્સાહન અને સરલીકરણ) વટહુકમ-2020. (2) આવશ્યક ચીજવસ્તુ (સુધારા) વટહુકમ-2020 (3) કિસન(સશક્તિકરણ અને રક્ષણ) ભાવ ખાતરી અને ખેત સેવાઓ સમજૂતી વટહુકમ-2020.

## (2) કિસાનના દૃષ્ટિકોણથી બજારના સિદ્ધાંતો

- કિસાનના અધિકારો, ગ્રાહકને વેચવાની કિસાનની સ્વતંત્રતા, તેની પદ્ધતિ અને પોતાની પસંદગીની જગ્યાએ વેચાણની સ્વતંત્રતાનું રક્ષણ કેવી રીતે થશે?
- દેશમાં ભાવો અંગે જે અસમાનતા પ્રવર્તે છે તે દૂર કેવી રીતે થશે?
- પુરવઠાની સાંકળમાં જે અસંતુલન કે અસમાનતા છે તે કેવી રીતે ઘટશે?
- કિસાનોને વધુ સારા ભાવ કેવી રીતે મળશે?

ખરીદ-વેચાણ, બજારની માળખાગત સવલતો, વખારો, સંગ્રહ અને નાણાની વ્યવસ્થા વગેરે જેવી બજારની બાબતો તે પર આધાર રાખે છે......

## (3) બે સિદ્ધાંતો અને ભાવોની વધઘટ

- નજીકતા: બજારને કિસાન સુધી લઈ જવું કે જેથી સોદાઓનું ખર્ચ ઘટે. જ્યારે કિસાને બહુ ઓછા જથ્થામાં વેચાણ કરવાનું હોય ત્યારે આ બાબત મહત્ત્વની બની જાય છે.
- સ્પર્ધાત્મકતા: ખેતપેદાશના વેચાણના કોઈ પણ સોદા માટે ગ્રાહકો વચ્ચે પસંદગીનો અવકાશ.
- ઈરાદો એ છે કે નાના બજારને સ્થાને મોટું સ્પર્ધાત્મક બજાર ઊભું થાય.
- સોદામાં પારદર્શિતા આવે અને બજાર એવી રીતે કમ કરે કે ભાવો અંગે માહિતી મળે.
  - ભાવો જુદા જુદા વિસ્તારમાં કેટલા છે તેની ખબર પડે તો ભાવો વચ્ચે જુદા જુદા પ્રદેશોમાં જે અસમાનતા રહે છે તે દૂર થઈ શકે.
  - ઉત્પાદન અંગે નિર્ણયો લેવામાં ભાવો અંગેની માહિતી કામ લાગે.

ભાવોની બાબતમાં વધઘટ હોય છે

વીજાણુ બજાર, વખાર આધારિત વ્યાપાર વગેરેને લીધે આ વધઘટ ઓછી થવાની અમ્ભાવના રહે છે. ત્રણ વટહુકમો આ સમસ્યાને કેવી રીતે દૂર કરે છે?

## (4) ખેત ઉત્પન્ન બજાર સમિતિઓને નજરઅંદાજ કરતો વટહુકમ

- "ખેડૂતો અને વેપારીઓ સ્વતંત્રતા ભોગવે તેવું વાતાવરણ ઊભું કરવું."
- વેપારની વૈકલ્પિક રીતે સ્પર્ધાત્મકતા ઊભી કરવી. વેપાર જ્યાં થાય તેને વ્યાપાર વિસ્તાર કહેવાય, એટલે કે  ખેત ઉત્પન્ન બજાર સમિતિ સિવાય પણ વેપાર થાય.
- રાયની અંદર અને આંતરરાજ્ય વેપાર APMCની બહાર પણ કાર્યક્ષમ, પારદર્શી અને અવરોધમુક્ત થાય તેને પ્રોત્સાહન.
- વીજાણુ વેપારને સરળ બનાવવા માટેનું માળખું.
- સૈદ્ધાંતિક રીતે નાના વેપારીઓને માટે માર્ગ મોકલો થાય છે. ખેડૂતોની ઉત્પાદક કંપનો પણ વેપાર કરી શકશે. બજારની કોઈ ફી તેમના પર નહિ લાગે અને તેનો લાભ ખેડૂતોને મળશે.
- સૈદ્ધાંતિક રીતે ખેડૂતોને ખરીદનારા વેપારીઓ વચ્ચે પસંદગી કરવાની તક મળશે કારણ કે ખરીદનાર ગ્રાહકો વચ્ચે હરીફાઈ થશે.

## (5) ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ

ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ જેટલી સમજવામાં આવે છે તેટલી મહત્ત્વની છે જ નહિ. માર્કેટ યાર્ડ, સરકારી સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ, સ્થાનિક વેપારીઓ, ઉત્પાદનનાં સાધનો વેચતાં વેપારીઓ અને પ્રોસેસર કંપનીઓને ખેડૂતો પોતાનો માલ વેચે જ છે. જુદી જુદી ખેતપેદાશોના વેચાણની બાબતમાં આ પ્રમાણ જુદું જુદું હોય છે.

## (6) ખેત ઉત્પન્ન બજાર સમિતિઓને નજરઅંદાજ કરવાથી ઊભી થનારી સંભવિત સમસ્યાઓ

- માર્કેટ યાર્ડની બહાર શું જૂનું માળખું જ ઊભું થશે? આંતરરાજ્ય વેપારને પ્રોત્સાહન મળશે પણ સોદાને દિવસે કે ત્રણ દિવસમાં જ નાણાની ચુકવણી કરવાની રહેશે. જો કે, વચેટિયા સિવાય આવો વેપાર શક્ય નથી કારણ કે વેપારીઓ માલની ચકાસણી કરતા હોય છે.
- છૂટુંછવાયું બજાર: ભાવ નક્કી કરવાની પદ્ધતિ કઈ? માર્કેટ યાર્ડને બદલે કઈ વ્યવસ્થા? ભાવને કયો આધાર?
- ઈજારો: છૂટુંછવાયું બજાર એટલે જ ઈજારાયુક્ત હરીફાઈવાળું બજાર: નાના વેપારીઓએ તો હજુ બહુ રાહ જોવી પડશે. ખેડૂતોને લાભ ના પણ મળે.
- નિયમન થશે ખરું?: કોણ ખરીદે છે અને કોણ વેચે છે તેની ખબર જ ના પડે તો બજારનું નિયમન કેવી રીતે થાય. દેખરેખ રાખવાનું શક્ય જ નથી લાગતું. બજારની માહિતી મળવાનું શક્ય લાગતું જ નથી.
- નિયમનકારી માળખું વિચિત્ર છે. ઘણાં ખાનગી માર્કેટ યાર્ડ અને વખારો ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ હેઠળ કમ કરે છે. જે નવાં ઊભાં થશે તેમનું શું?
- વિવાદ નિવારણ તંત્ર નબળું: આંતરરાજ્ય વેપાર અને વીજાણુ વેપારના કિસ્સામાં કિસાનો માટે એ બહુ જ મુશ્કેલ.

## (7) ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ: શું કરવાની જરૂર છે?

1. રાષ્ટ્રીય હજાર અને વાયદા બજાર શરૂ કરો: e-NAM સહિત બધાં વીજાણુ બજારોને જોડો. NeML અત્યારે છે જ. તે એક મોડેલ બની શકે તેમ છે.
    - પારદર્શી અને નિયમનકારી વ્યવસ્થા ગોઠવો.

- દસ હજાર કિસાન ઉત્પાદક સંગઠનો(FPOs) માટે જાહેર રોકાણ કરો કે જેથી સીધી સહભાગિતા વધે.
- દૂરના અંતરિયાળ વિસ્તારોના ખેડૂતોને લાભ મળે તે માટે ખેત પ્રક્રિયા ઉદ્યોગો પર આધાર રાખવો જરૂરી છે.

2. પારદર્શિતા અને નીતિનિર્ધારણ માટે માહિતી સંગ્રહનું માળખું ઊભું કરો.
3. નિયમનકારી માળખું: તમામ સોદાઓ પર નિયમન રાખવું શક્ય જ નથી. પણ તેથી કંઈ નિયમન કરવું જ નહિ એમ નહિ. નિયમનકારી સંસ્થાઓ અનેક હોવી જોઈએ નહિ.

## (8) આવશ્યક ચીજવસ્તુ ધારો

**હેતુ શો છે?**

- સ્વચ્છંદી રીતે અને ગમે ત્યારે સંગ્રહની મર્યાદા પર જે મર્યાદાઓ લાદવામાં આવતી હતી તે દૂર કરવી.
- તેનાથી લણણી પછીની પુરવઠાની સાંકળમાં ખાનગી મૂડીરોકાણ થતું નહોતું.
- મોટા વેપારીઓ માટે મોટી સમસ્યાઓ ઊભી થતી હતી.

**ભાવ નિયંત્રણ**

- બાગાયાતી પાકોમાં ભાવ 100 ટકા વધે અને બગડી ના જાય તેવી ખેતપેદાશોના ભાવ 50 ટકા વધે.
- પાયાનો ભાવ: છેલ્લાં પાંચ વર્ષનો સરેરાશ છૂટક ભાવ અથવા છેલ્લાં 12 મહિનાનો ભાવ, બેમાંથી જે નીચો હોય તે.

આગાહી થઈ શકશે:

- અચાનક થતો ભાવવધારો હવે થશે જ નહિ?
- ભાવોમાં જુદા જુદા વિસ્તારોમાં ભારે તફાવત જોવા મળે છે. એટલે દેશભરનો એક પાયાનો ભાવ મળશે.
- જથ્થાની મર્યાદા નિકાસના ઓર્ડર કે પ્રક્રિયા એકમોની ક્ષમતા સાથે સુસંગત હોવા જોઈએ.
- આ બધું કિસાનોને વધુ ભાવ અપાવશે એવી ધારણા છે. થશે ખરું?

**જથ્થો અદૃશ્ય બને છે, નોંધાયેલી વખારો અને ખાનગી વેપારીઓ વધુ જથ્થો રાખે તો શું? વેપાર નીતિનું શું થશે અને અન્ન સલામતીનું શું થશે?**

## (9) કરારી ખેતી અંગેનો વટહુકમ: શું અમલમાં આવશે ખરો?

2001થી તેનો લાંબો ઈતિહાસ છે. ભારતીય કરાર ધારો છે જ પણ તેનો અમલ થયો નથી.

વટહુકમમાં નવું શું છે?

- ખેત પેદાશ અને ખેત સેવાઓને પણ તે લાગુ પડે છે.
- લેખિત કરારો માટે આ વટહુકમ છે પણ કરાર લેખિત જ હોય તે જરૂરી નથી.
- જો લેખિત કરાર થાય તો રાજ્યના કોઈ પણ કાયદા અને આવશ્યક ચીજવસ્તુ ધારાની જોગવાઈઓ લાગુ નહિ પડે.

અવરોધો:

- ખેડૂતો કે ધંધાદારીઓ લેખિત કરાર કરવા ઉત્સાહી હોતા નથી. તેનાં કારણો ઘણાં છે.
- કિસાનોને માટે વિવાદના નિવારણની વ્યવસ્થાનો ઉપયોગ કરવાનું શક્ય ના બને. ખાનગી પેઢીઓ પણ તેનો ઉપયોગ નહિ કરે, સિવાય કે તેઓ દેખાવ ચોક્કસ કરે.

- "અમે ખેડૂતને કડી પણ અદાલતમાં નહિ લઇ જઈએ કારણકે તેનાથી બધા ખેડૂતો સાથેના અમારા સંબંધો બગડે."- એમ સર્વેમાં એક કંપનીએ કહ્યું હતું.
- ત્રીજા પક્ષને આકરણી કરવા માટે કહેવાની જોગવાઈ છે.
- મોટી સંખ્યામાં ખેડૂતો સાથે લેખિત કરાર કરવાનું ખર્ચાળ છે.

**(10) બજાર**

- રાષ્ટ્રીય હાજર બજાર
- રાષ્ટ્રીય સમવાયી નિયમનકારી સત્તામંડળ
- નીતિ નિર્ધારણ માટે માહિતી સંપુટ

- પૂરક મૂડીરોકાણ (કિસાન ઉત્પાદક સંગઠનો, ધિરાણ, માળખાગત સવલતો વગેરે)
- સમવાયવાદ

  ત્રણ વટહુકમો:

  (1) કિસન ઉત્પાદન વ્યાપાર અને વાણિજ્ય(પ્રોત્સાહન અને સરલીકરણ) વટહુકમ-2020. (2) આવશ્યક ચીજવસ્તુ (સુધારા) વટહુકમ-2020 (3) કિસન(સશક્તિકરણ અને રક્ષણ) ભાવ ખાતરી અને ખેત સેવાઓ સમજૂતી વટહુકમ-2020.

## (11) ખેતીમાં રાજ્યની દરમ્યાનગીરી

- ભાવમાં ટેકો
- આવકમાં ટેકો
- જાહેર મૂડીરોકાણ(સંશોધન અને વિકાસ, માળખાગત સવલતો, કુદરતી સંસાધનો વગેરે)
- સંસ્થાઓ (નિયમનકારી, ગુણવત્તા, અન્ન સુરક્ષા, બજારની માહિતી)

બજારો

- પૂરક સુધારા
- સમવાયવાદ
- નિયમન
- ખેત અન્ન બજારોમાં રાજ્યની ભૂમિકા

  ત્રણ વટહુકમો:

  (1) કિસન ઉત્પાદન વ્યાપાર અને વાણિજ્ય(પ્રોત્સાહન અને સરલીકરણ) વટહુકમ-2020. (2) આવશ્યક ચીજવસ્તુ (સુધારા) વટહુકમ-2020 (3) કિસન(સશક્તિકરણ અને રક્ષણ) ભાવ ખાતરી અને ખેત સેવાઓ સમજૂતી વટહુકમ-2020.

## (12) ખેતીને ટેકો

### રાજ્યના ટેકા કે દરમ્યાનગીરી વિના ખેતી વિકસી શકે ખરી?

- આ તો એક જ સ્થળે ચાલતી સાયકલ છે.
- વૈશ્વિક સ્તરે બજાર વિકૃત છે કારણ કે સરકારો ટેકો આપે છે.
- મોટા વેપારીઓ અને ખેડૂતો વચ્ચે સત્તાનું અસંતુલન છે.

**ભાવનો ટેકો**

- લઘુતમ ટેકાના ભાવ, ભાવની ચુકવણીમાં ઘટ, સાધનો માટે ભાવમાં સહાય(વાઉચર અને સ્ટેમ્પ)
- સ્વલક્ષ્યાંકિત પરંતુ વિકૃત

**આવકનો ટેકો**

- કિસાનોને લક્ષ્યાંક બનાવો એટલે વ્યક્તિગત સુખાકારી પર ભાર અપાય છે.
- પરંતુ કિસન છે કોણ?

**(13) ઉપસંહાર**

**આ ત્રણ વટહુકમો રમતના નિયમો બદલી નાખે છે. પણ એટલું પૂરતું નથી.**

- કોણ રમત રમવા સુસજ્જ છે?
- કોણ અમ્પાયર છે?
- રમતનો અંત સારો આવશે?

1. નજીકમાં જ ખેતપેદાશની ખરીદી થશે અને હરીફાઈ ઊભી થશે એવું કંઈ ખાતરીથી કહી શકાય તેમ નથી. ખેડૂતોને સારા ભાવ મળશે એ તો એક સપનું છે.
2. અનેક પૂરક પ્પ્રયાસોની જરૂર છે. રાજ્યની ભૂમિકા પહેલાં કરતાં પણ વધારે મહત્ત્વની છે.